પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૭૩ | ૩ સપ્ટેમ્બર, ૨૦૧૯, મંગળવાર; ભાદરવા સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

ચંદ્રયાન-૨ : વિક્રમ લેન્ડરની ચંદ્ર તરફ કૂચ

ઇસરોએ રચ્યો ઇતિહાસ : દુનિયામાં ડંકો વગાડવાથી માત્ર હાથવેંત જ દૂર ભારત : આજે પહેલું ડીઓર્બિટ એટલે કે વિક્રમ લેન્ડર પોતાની કક્ષા બદલશે, ૪ સપ્ટેમ્બરના રોજ ચંદ્રની ચારેયબાજુ વિક્રમ બીજી વખત બદલશે પોતાની કક્ષા : લેન્ડર 'વિક્રમ' ૭ સપ્ટેમ્બરની વહેલી પરોઢે દોઢથી અઢી વાગ્યાની વચ્ચે ચંદ્રની સપાટી પર પહોંચશે : ચંદ્રના દક્ષિણી ધ્રુવ પર સાતમીએ સોફ્ટ લેન્ડિંગને લઇને ઉત્સુકતા : સોફ્ટ લેન્ડિંગના ચાર કલાક બાદ રોવર પ્રજ્ઞાન બહાર આવીને ચંદ્રની સપાટી ઉપર ૧૪ દિવસ ફરશે : ચંદ્રથી પૃથ્વીના વાસ્તવિક અંતરને હવે જાણી શકાશે

બેંગ્લોર, તા. ૨

ભારતના મહત્વાકાંક્ષી ચંદ્ર મિશન ચંદ્રયાન-૨થી અલગ થવાની સાથે જ આજે વિક્રમ લેન્ડર ચંદ્રથી મળવા માટે રવાના થતાં ઉત્સુકતા વધી ગઈ હતી. હજુ સુધી તમામ પ્રક્રિયા યોજનાપૂર્વક આગળ વધી રહી છે. સાતમી સપ્ટેમ્બરના દિવસે વિક્રમ લેન્ડર ચંદ્રના દક્ષિણી ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગ કરનાર છે. ત્યારબાદ ચાર કલાક પછી જ રોવર પ્રજ્ઞાન બહાર આવશે અને ચંદ્રની સપાટી ઉપર ૧૪ દિવસમાં કુલ ૫૦૦ મીટર અંતર કાપશે. વિક્રમ ચંદ્રની સપાટીને સ્પર્શ કરવાની સાથે જ વૈજ્ઞાનિકોને ચંદ્રથી પૃથ્વીની વાસ્તવિક સપાટી અથવા તો અંતરને જાણી શકાશે જે હજુ પણ એક રહસ્ય તરીકે છે. પૃથ્વીથી ચંદ્ર હકીકતમાં કેટલા અંતરે છે તે અંગે પણ રહસ્ય પરથી પર્દા ઉઠાશે.

અમેરિકી અંતરિક્ષ સંસ્થા નાસાએ ચંદ્રયાન-૨ની સાથે પોતાના એક લુનર લેજર રેપ્રો રેફ્લેટર સાધન મોકલ્યું છે જે વૈજ્ઞાનિકોને ચંદ્રથી પૃથ્વીના વાસ્તવિક અંતરને દર્શાવશે. નાસાના એક ટોચના અધિકારી લોરી ગ્લેજે કહ્યું છે કે, અમે ચંદ્રની સપાટી ઉપર વધુને વધુ લેજર રેટ્રો રેફ્લેટર મોકલવા માટે ઇચ્છુક છે. તેમના કહેવા મુજબ રેટ્રો રેફ્લેટર એક પ્રકારના કાંચના સ્વરુપમાં ગ્લાસ તરીકે છે જે પૃથ્વીથી મોકલવામાં આવેલા લેજર લાઇટના સિંગલને પરત મોકલે છે. વૈજ્ઞાનિકોને કહેવા મુજબ લેજર લાઇટની વાપસી પૃથ્વી પર આવ્યાની સ્થિતિમાં લેન્ડરના વાસ્તવિક સ્થાનને જાણી શકાશે. આનાથી પૃથ્વીથી ચંદ્રના વાસ્તવિક અંતર અંતર અંગે યોગ્ય મુલ્યાંકન થઇ શકશે. ચંદ્રની સપાટી ઉપર આ પ્રકારના પાંચ સાધનો પહેલાથી જ રહેલા છે પરંતુ તેમાં કેટલીક ખામીઓ રહેલી છે જેના લીધે ચંદ્રના વાસ્તવિક અંતરને જાણવામાં સફળતા મળી નથી. ઇટાલીના વૈજ્ઞાનિક એન્જેલોના કહેવા મુજબ ચંદ્રની સપાટી પર સ્થિત રેટ્રો રેફ્લેટર ખુબ મોટા છે પરંતુ ચંદ્રયાન-૨ની સાથે

● અનુસંધાન પાન-૭ પર

કુલભુષણ જાધવ સાથે ભારતીય રાજદ્વારીની બે કલાક સુધી ચર્ચા

પાકિસ્તાનમાં ગુપ્ત સ્થળ પર મંત્રણા યોજવામાં આવી : પાકિસ્તાને છેલ્લી ઘડીએ સ્થળ બદલીને ફરી હરકત કરી

ઇસ્લામાબાદ,તા.૨

પાકિસ્તાનની જેલમાં ત્રણ વર્ષથી વધુ સમયથી રહેલા ભારતીય નાગરિક કુલભુષણ જાધવની મુલાકાત ભારતીય રાજદ્વારીઓ સાથે ખતમ થઇ ચુકી છે. આ મુલાકાત એક સબ જેલમાં કરાવવામાં આવી હતી. નિર્ધારિત સમય કરતા એક કલાક વધારે વિલંબથી અધિકારીઓને તેમને મળવાની મંજુરી આપવામાં આવી હતી. બીજી બાજુ એવા અહેવાલ પણ આવ્યા છે કે, પાકિસ્તાને મુલાકાતની જગ્યા પણ બદલી હતી. આ પહેલા ભારતીય રાજદ્વારી ગૌરવ આહલુવાલિયાની બેઠક પાકિસ્તાનના વિદેશ મંત્રાલયની મુખ્ય ઓફિસમાં યોજવાની વાત કરવામાં આવી હતી પરંતુ

● અનુસંધાન પાન-૭ પર

ચિદમ્બરમની સીબીઆઈ કસ્ટડી વધુ એક દિવસ સુધી વધી

નવીદિલ્હી,તા.૨

આઈએનએક્સ મિડિયા કેસમાં પૂર્વ કેન્દ્રીયમંત્રી પી ચિદમ્બરમને રાઉજ એવેન્યુ કોર્ટમાંથી ફરી એકવાર ફટકો પડ્યો છે. સીબીઆઈએ કોર્ટ પાસેથી એક દિવસ માટે કસ્ટડી વધારવાની માંગ કરી હતી જેને સ્વીકાર કરી લેવામાં આવી છે. આવી સ્થિતિમાં તેમને એક દિવસ હજુ સીબીઆઈ કસ્ટડીમાં રહેવાની જરૂર પડશે. કોર્ટ ચિદમ્બરમની વચગાળાની જામીન અરજી પર આવતીકાલે સુનાવણી થશે. આ પહેલા સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, ચિદમ્બરમના વકીલ કપિલ સિબ્બલે કહ્યું છે કે, તેમને જામીન માટે નિચલી કોર્ટમાં આગળ જવું જોઇએ.

ઓટો, રિયલ એસ્ટેટ માટે ટૂંકમાં પેકેજ

નવીદિલ્હી, તા. ૨

આર્થિક મંદી વધુ ઘેરી બની ગયા બાદ આને લઇને સરકાર તરફથી વધુ જાહેરાતો કરવામાં આવી શકે છે. સરકાર દ્વારા આગામી દિવસોમાં વધુ કેટલાક પગલા જાહેર કરવામાં આવી શકે છે. અલબત્ત છેલ્લા ૧૦ દિવસની અંદર જ સરકાર તરફથી જાહેર કરવામાં આવેલા ઉપાયો સંસ્થાઓ અને કંપનીઓ સાથે સંબંધિત છે. વિદેશી મૂડીરોકાણ માટે નિયમોમાં ફેરફાર કરવામાં આવી ચુક્યા છે. આ ઉપરાંત ૧૦ સરકારી બેંકોને મર્જ કરવામાં આવી રહ્યા છે. આ ૧૦ સરકારી બેંકોને ચાર બેંકોમાં મર્જ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અર્થશાસ્ત્રીઓ અંગત ઉપયોગ અને માંગમાં ભારે ઘટાડાને લઇને સાવધાની રાખી રહ્યા છે. કન્ઝ્યુમર સેન્ટીમેન્ટમાં સુધારા પર ભાર મુકી રહ્યા છે. કારણ કે, જ્યારે ઉપભોક્તાઓની મનોદશા નકારાત્મક રહે છે ત્યારે આ લોકો ઓછા ખર્ચ કરે છે. હવે સરકાર કેટલાક એવા પગલાની જાહેરાત કરી શકે છે જેના લીધે સામાન્ય લોકોના ખીસા ઉપર સીધી અસર થઇ શકે છે. છેલ્લા સપ્તાહમાં જારી કરવામાં આવેલા જીડીપીના આંકડામાં પણ દર્શાવવામાં આવ્યું

બંગાળમાં ટીએમસી-ભાજપ કાર્યકર વચ્ચે અથડામણ

કોલકાતા,તા.૨

પશ્ચિમ બંગાળના બેરકપુરમાં ભારતીય જનતા પાર્ટી અને ટીએમસીના કાર્યકરો વચ્ચે રક્તપાત થયા બાદ સ્થિતિ તંગ બનેલી છે. સાવચેતીના પગલારુપે મજબૂત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ભાજપ અને તૃણમુલના કાર્યકરો વચ્ચે હિંસક અથડામણમાં ભગવા પાર્ટીના ૨૫ કાર્યકર ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા ભાજપના કાર્યકરોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ભાજપે નોર્થ ૨૪ પરગના જિલ્લામાં પોતાના સાંસદ અર્જુનસિંહ ઉપર રવિવારના દિવસે હુમલાના વિરોધમાં બંધની હાંકલ કરી હતી.

ન્યુઝ ટ્રેક

પાક. સાથે વાતચીત નહી : એસ. જયશંકર

ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યુ છે કે પાકિસ્તાન ખુલ્લેઆમ આતંકવાદીઓને સમર્થન આપી રહ્યુ છે. આવા સમયે વાતચીતનો કોઈ અર્થ નથી. પાકના વડાપ્રધાન ઈમરાન ખાને પરમાણુ હુમલાની આશંકા વચ્ચે વાતચીતનો આગ્રહ કરતા આ મુદ્દે વિદેશમંત્રીએ પ્રતિક્રિયા આપી હતી.

મોદીને વધુ એક પુરસ્કાર

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અમેરિકા પ્રવાસ દરમ્યાન બિલ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન તેમના સ્વચ્છ ભારત અભિયાન માટે તેઓને સન્માનિત કરશે. આ બાબતની જાણકારી પ્રધાનમંત્રી કાર્યાલયના રાજ્યમંત્રી જીતેન્દ્રસિંહે આપી છે. આ બાબતે તેઓએ ટ્વીટ કરી પ્રધાનમંત્રી મોદીને અભિનંદન પાઠવ્યા હતા.

અમિત શાહ મુંબઈ પહોંચ્યા

કેન્દ્રિય મંત્રી અમિત શાહ મુંબઈ પહોંચ્યા હતા. તેઓએ અહી શ્રી સિદ્ધિવિનાયકના દર્શન કરી પૂજા-અર્ચના કરી હતી.

ક્રિકેટર મોહમ્મદ શમીની ધરપકડ થઈ શકે

પશ્ચિમ બંગાળની અલીપુર કોર્ટે ટીમ ઈન્ડિયાના ફાસ્ટ બોલર મોહમ્મદ શમી અને તેમના ભાઈ હસીન અહેમદ વિરૂદ્ધ ધરપકડ વોરન્ટ જારી કર્યુ છે. કોર્ટે શમીને ૧૫ દિવસની અંદર આત્મસમર્પણ કરવા કહ્યુ છે. શમીની પત્નિ હસીન જહાંએ ઘરેલુ હિંસા મામલે કેસ દાખલ કર્યો છે.

દિલ્હી ખાતે નવનિર્મિત 'ગરવી ગુજરાત ભવન'નું ઉદ્ઘાટન

૧૨૮ કરોડના ખર્ચે બનેલા ગુજરાત ભવનનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ઉદ્ઘાટન : ગરવી ગુજરાત ભવન ગુજરાત માટે પ્રવાસન અને રોકાણ તેમજ અન્ય હેતુથી ઉપયોગી : ભવનમાં આધુનિક સુવિધા

નવીદિલ્હી,તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીમાં ગુજરાત ભવનનું ઉદ્ઘાટન કર્યું હતું. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને હાલમાં રાજ્યપાલ તરીકે સેવા આપી રહેલા આનંદીબેન પટેલે હાજરી આપી હતી. મોદીએ ગુજરાત ભવનનું ઉદ્ઘાટન કર્યું હતું. કોંગ્રેસ હેડક્વાર્ટરની સામે તૈયાર કરવામાં આવેલા નવા ગુજરાત ભવનમાં સાત માળ છે. આનુ નામ ગરવી ગુજરાત ભવન રાખવામાં આવ્યું છે. કોંગ્રેસ હેડક્વાર્ટર ૨૪ અકબર રોડ પર સ્થિત છે જ્યારે ગુજરાત ભવન ૨૫-બી અકબર રોડ પર સ્થિત છે. બે વર્ષ પહેલા ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આની આધારશીલા મુકી હતી અને આજે મોદીએ ઉદ્ઘાટન કર્યું હતું. આ ભવનની અંદર ૭૯ રુમની સાથે વીઆઈપી લોઝ, પબ્લિક લોઝ, મલ્ટીપર્પજ હોલ બનાવવામાં આવ્યા છે. આમા એક વખતમાં જ ૨૦૦૦ લોકો બેસી શકે છે. આ આધુનિક ભવનમાં ઇકો ફ્રેન્ડલી સુવિધાઓ રાખવામાં આવી છે. ભવનના નિર્માણ પર ૧૩૧ કરોડ રૂપિયાનો ખર્ચ કરાયો છે. જો કે, આનાથી ઓછા ખર્ચમાં આનુ નિર્માણ કરવામાં આવ્યું છે. ઉદ્ઘાટન કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, ગુજરાત ભવન પ્રવાસીઓ માટે ઉપયોગી રહેશે. રોકાણના એક કેન્દ્ર તરીકે ઉભરી આવશે. આમા ન્યુ ઈન્ડિયાની ઝલક જોઈ શકાય છે. તેમણે એમ પણ કહ્યું હતું કે,

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી **ડો.પ્રદિપકુમાર છનાલાલ ભાવસાર** નું તા.૧-૯-૨૦૧૯ને રવિવારના રોજ અક્ષરનિવાસી થયેલ છે. **સદ્ગતનું બેસણું તા.૫-૦૯-૨૦૧૯ને ગુરૂવારના રોજ સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ઉમિયા માતા સંસ્થાન હોલ, કલેક્ટર ઓફીસ સામે, સેક્ટર-૧૨/બી, ગાંધીનગર

સ્વ.લીલાવતીબેન છનાલાલ ભાવસાર | છનાલાલ નરોત્તમદાસ ભાવસાર
ભાવનાબેન અનિલકુમાર ભાવસાર | સ્વ.કાન્તીલાલ નરોત્તમદાસ પરિવાર
ગં.સ્વ.પ્રિતીબેન પ્રદિપકુમાર ભાવસાર | અનિલકુમાર છનાલાલ ભાવસાર
ડો.પુજા પ્રદિપકુમાર ભાવસાર | ડો.રાજ પ્રદિપકુમાર ભાવસાર

ફર્મ : ઉર્વી મેટરનીટી હોમ, સેક્ટર-૨૨, ગાંધીનગર

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે
સ્વ.ઘનશ્યામભાઈ ચુનીલાલ રાણપુરા પરિવાર

સાદર પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ

સ્વ. માનનીય જસ્ટીસ શ્રી વિનુભાઈ એચ. ભૈરવિયા
(પૂર્વ ન્યાયમૂર્તિ, ગુજરાત અને મુંબઈ હાઈકોર્ટ)
જન્મ તા. ૧૭-૦૭-૧૯૩૬ સ્વ. તા. ૦૩-૦૯-૨૦૧૮

અમારી વાતનો વિસમો હતા, આપના હોવાથી આત્મબળ હતું,
દરેક પ્રસંગે ખટકશે ખોટ આપની.
વિદાય આપની અધારી હશે એ ક્યાં ખબર હતી,
આપના ચિંધેલ ઉદ્દેશોને પૂર્ણ કરવા હંમેશા પ્રયત્નશીલ રહીશું.
ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ.

નિર્મળાબેન વિનુભાઈ ભૈરવિયા | જયેશભાઈ વી. ભૈરવિયા | વર્ષા જે. ભૈરવિયા | દીપ્તીબેન વી. ભૈરવિયા

સમગ્ર ભૈરવિયા પરિવાર

તેમજ

ડો. બી.આર. આંબેડકર એજ્યુકેશન સોસાયટી સંચાલિત
સિદ્ધાર્થ લો કોલેજ, ગાંધીનગર અને કામરેજ (સુરત) પરિવાર